CAREERINDIA

**SET – 4**

**Series : HRK/C**

**Code No. 9**

**Roll No.** | | | | | | | |

Candidates must write the Code on the title page of the answer-book.

- Please check that this question paper contains **8** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **5** questions.
- **Please write down the Serial Number of the question before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

# સંકલિત પરીક્ષા - II

# SUMMATIVE ASSESSMENT - II

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક* — *કુલ અંક : 90*

*Time allowed : 3 hours* — *Maximum Marks : 90*

***General Instructions :***

*(i) The question paper is divided into four sections :*

| | |
|---|---|
| *Section A : Reading Comprehension* | *15* |
| *Section B : Writing* | *10* |
| *Section C : Grammar* | *20* |
| *Section D : Literature [text book]* | *45* |
| | *Total Marks 90* |

*(ii) Marks are indicated against each question.*

*(iii) All questions are compulsory.*

www.careerindia.com

CAREERINDIA

## SECTION – A
## (Reading Comprehension)

1. (A) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ વિકલ્પોમાંથી શોધીને લખો. **5**

શારીરિક મહેનતનો તમને કદી કંટાળો ન હોવો જોઈએ. તેમાં તમને નાનમ ન લાગવી જોઈએ. પરિશ્રમ ન કરવો એ દુર્બળતાનું અને ખોટા અહંકારનું લક્ષણ છે એમ તમે માનજો. બીજાના પરિશ્રમ પર સુખ અને સ્વાસ્થ્યની ઈચ્છા કરનારા લોકો દીઠે સશક્ત લાગે, તોપણ તેઓ મનથી દુર્બળ છે. કેટલાક રોગો એવા હોય છે કે એનાથી પીડાતા લોકો બહારથી હૃષ્ટપુષ્ટ દેખાય છે, પણ તેમનામાં કામ કરવાની શક્તિ હોતી નથી. એ જ વાત પરિશ્રમનો કંટાળો કરનારા ને લાગુ પડે છે. તમે પોતાનું શરીર, બુદ્ધિ, મન અને વાણી પવિત્ર રાખજો. તેમને તમે યોગ્ય ટેવ પાડો અને કોઈપણ બાજુથી દોષ સાથે સંબંધ ન આવવા દો તો તમારા જેવા ભાગ્યવાન બીજા કોઈ નથી એમ માનજો. એ ભાગ્ય તમારા હાથમાં છે. આજે તમે વિદ્યાર્થી છો. થોડાં વરસ પછી તમે જ અહીંના નાગરિક કહેવાશો. તમે ગૃહસ્થ બનશો. પોતાનું જીવન બધી બાજુથી આદર્શ થવું જોઈએ એવી તમારી ઈચ્છા હોય તો અત્યારથી જ તમારે તે માટે પ્રયત્નશીલ થવું જોઈએ. આજના કેવળ પુસ્તકિયા શિક્ષણથી તમારામાં સજ્જતા નહીં આવે, તે માટે તમારે દીર્ઘ પ્રયત્ન કરવો જોઈએ. સાવધપણે, ચીવટથી એક-એક ગુણ તમારે વધારવો જોઈએ. જીવનની બધી સિદ્ધિઓ તમને અનુકૂળ થશે અને તમારું જીવન સફળ થશે.

(1) લેખકના મતે પરિશ્રમ ન કરવો એ શાનું લક્ષણ છે ?
   (અ) દુર્બળતા-ખોટા અહંકારનું
   (બ) રોગોનું
   (ક) દુર્બળ સ્વાસ્થ્યનું

(2) લેખક કેવી વ્યક્તિને ભાગ્યવાન ગણે છે ?
   (અ) શરીર, બુદ્ધિ, મન, વાણીને પવિત્ર રાખે તે
   (બ) યોગ્ય ટેવો ન પાડે તે
   (ક) સતત બીજાને દોષ આપે તે

(3) વિદ્યાર્થીએ આદર્શ જીવન બનાવવા શું કરવું જોઈએ ?
   (અ) શારીરિક પરિશ્રમ દ્વારા પોતાનું જીવન ઘડતર
   (બ) કોઈ દોષ જીવનમાં ન પ્રવેશે તેની તકેદારી
   (ક) ઉપરોક્ત બંને

(4) લેખક કેવી વ્યક્તિને મનથી દુર્બળ માને છે ?
   (અ) જે બીજાના રોગો જોઈ રોગી બની જાય છે.
   (બ) બીજાના પરિશ્રમ પર સુખ અને સ્વાસ્થ્ય ઈચ્છનારા
   (ક) બીજાના દુઃખ પર સુખ ને સ્વાસ્થ્ય ઈચ્છનારા

(5) ઉપરોક્ત ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.
   (અ) પારસમણિથી મહેનત !
   (બ) પરિશ્રમ એ જ પારસમણિ !
   (ક) પરિશ્રમ એ જ મહેનત !

www.careerindia.com

CAREERINDIA

(B) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબો વિકલ્પોમાંથી શોધીને લખો. **5**

શ્રી રવિશંકર મહારાજે સેવાની ભાવના એમના પિતા શિવરામભાઈ પાસેથી વારસામાં મેળવી હતી. કિશોરાવસ્થાથી જ તેઓ આવા સેવાભાવી રહ્યા હતા. મહાત્મા ગાંધીનું પ્રવચન સાંભળીને તેઓ એનાથી ખૂબ પ્રભાવિત થયા હતા. એટલે સુધી કે 1916ના અરસામાં ગાંધીજીને પ્રથમવાર મળતાંની સાથે જ, યુવાન રવિશંકરે પહેરવેશમાં બરછટ ખાદી અપનાવી લીધી હતી. ત્રણ વર્ષ પછી 1919માં તો સ્વાતંત્ર્ય અને સેવાયજ્ઞ માટે તેમણે ઘર છોડ્યું. ગાંધીજીના શિસ્તબદ્ધ સૈનિક બનીને લોકસેવા કરવા જાત ધરી દીધી. ગુજરાતમાં ખેડા જિલ્લામાં એ વેળા બહારવટિયાઓનો ભારે ત્રાસ હતો. જેમાં બાબર દેવાના નામથી તો સૌ થરથરતા. મહારાજને ગાંધીજીની અહિંસાની તાકાતમાં શ્રદ્ધા હતી. તેમણે તો બહારવટિયાઓને લૂંટફાટના રાહેથી પાછા વાળવા અહિંસક બનીને સમજાવવાનો નિર્ધાર કર્યો હતો. તેઓ તેમને મળવા ઈચ્છતા હતા. એક દિવસ એવો પ્રસંગ બન્યો કે જેમાં રવિશંકર મહારાજની નિર્ભયતા, ખુમારી અને સામી વ્યક્તિને સમજાવવાની શક્તિની કસોટી થઈ ને તેમાં તેમને સફળતા મળી.

(1) રવિશંકર મહારાજે પિતા પાસેથી વારસામાં શુ મેળવ્યું ?

(અ) શિસ્તભાવના

(બ) સેવાભાવના

(ક) સ્વાતંત્ર્યભાવના

(2) રવિશંકર મહારાજે ખાદીને પહેરવેશ તરીકે ક્યારે અપનાવી ?

(અ) 1916

(બ) 1919

(ક) 1947

(3) રવિશંકર મહારાજે ઘર શા માટે છોડ્યું ?

(અ) સૈનિક બનવા

(બ) ગાંધીજીને રાજી કરવા

(ક) સ્વાતંત્ર્ય અને સેવાયજ્ઞ માટે

(4) રવિશંકર મહારાજ બહારવટિયાને કેમ મળવા ઈચ્છતા હતા ?

(અ) બહારવટિયાઓને સુધારવા માટે

(બ) બહારવટિયાઓને ખાદી વેચવા માટે

(ક) બહારવટિયા ગાંધીજીને ખૂબ ગમતા તેથી

(5) રવિશંકર મહારાજના કયા ગુણોની કસોટી થઈ ?

(અ) નિર્ભયતા – ખુમારી

(બ) સામી વ્યક્તિને સમજાવવાની શક્તિ

(ક) (અ) અને (બ)

www.careerindia.com

CAREERINDIA

(C) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો વિકલ્પોમાંથી શોધીને લખો. **5**

હવે હાથ રહે ના હેમ !
    મળ્યું સમયનું સોનું પરથમ વાપર્યું ફાવ્યું તેમ.
બહુ દિન બેસી સીવડાવ્યા બસ કૈં નવરંગી વાઘા,
    સાવ રેશમી ભાતભાતના, મહીં રૂપેરી ધાગા;
જેહ મળે તે દર્પણ જોવાં વણ લીધેલો નેમ,
    મળ્યું સમયનું સોનું પરથમ વાપર્યું ફાવ્યું તેમ.
ભર બપોરે ભોજન ઘેને નિતની એ રાતોમાં,
    ઘણુંખરું એ એમ જ ગયું તે કશુંકૈં તો વાતોમાં;
પડ્યું પ્રમોદે કથીર થયું તે જાગ્યોયે નહિ વહેમ,
    મળ્યું સમયનું સોનું પરથમ વાપર્યું ફાવ્યું તેમ.
કદી કોઈને કાજે નહિ, મેં કટકો યે એ કાપ્યું,
    અન્ય શું દેતા થાય અમૂલખ, મૂલ્ય નહીં મેં આપ્યું;
રતિ સરખું અવ રહ્યું, એહનો ઘાટ ઘડાશે કેમ ?
    મળ્યું સમયનું સોનું પરથમ વાપર્યું ફાવ્યું તેમ.

(1) કવિએ સમયને કોની ઉપમા આપી છે ?
- (અ) સોનાની
- (બ) કથીરની
- (ક) હાથની

(2) 'દર્પણ' શબ્દનો સમાનાર્થી શબ્દ ______ છે.
- (અ) અરીસો
- (બ) ચાટલું
- (ક) બંને

(3) કવિનું સોનું કથીર કેવી રીતે બની ગયું ?
- (અ) મહેનતથી
- (બ) આળસથી
- (ક) કોઈને આપવાથી

(4) કવિએ સમયનું સોનું કેવી રીતે વાપર્યું ?
- (અ) કપડાં સીવડાવવામાં
- (બ) ખાવા-પીવા-સૂવામાં
- (ક) ઉપરોક્ત બંનેમાં

(5) ઉપરોક્ત કાવ્યને યોગ્ય શીર્ષક આપો.
- (અ) સોનું અને કથીર !
- (બ) સમયનું સોનું !
- (ક) સમયના વાઘા !



www.careerindia.com

CAREERINDIA

## SECTION – B
## (Writing)

2. (A) "પ્રદૂષણ-એક અનિષ્ટ દૂષણ !" વિષય પર આશરે 15 વાક્યોમાં પરિચ્છેદ લખો. **5**

(B) તમારા નાનાભાઈને સારા અક્ષરનું મહત્ત્વ સમજાવતો પત્ર લખો. **5**

**અથવા**

તમારી શાળાના વાર્ષિકોત્સવમાં મુખ્ય મહેમાનનું સ્થાન ગ્રહણ કરવા માટેનું નિમંત્રણ આપતો પત્ર ગુજરાતના શિક્ષણમંત્રીને લખો.

## SECTION – C
## (Grammar)

3. (A) સૂચના પ્રમાણે વાક્ય પરિવર્તન કરો. **3**

(1) હવે આપણે બસનો બહિષ્કાર કરવો જોઈએ. (નિષેધ વાક્ય બનાવો)

(2) મને જલદી જમવું ફાવતું નથી. (વિધિ વાક્ય બનાવો)

(3) નદીનો શીતળ પ્રવાહ મને આકર્ષે છે. (નિષેધ વાક્ય બનાવો)

(B) સૂચના પ્રમાણે વાક્ય પરિવર્તન કરો. **3**

(1) દરિયાખેડું દરિયાથી ના ડરે. (ઉદ્‌ગારવાક્ય બનાવો)

(2) કુદરત મોગરાને લાડ કરે છે. (પ્રશ્નવાક્ય બનાવો)

(3) સાપ ઘણો લાંબો છે. (ઉદ્‌ગારવાક્ય બનાવો)

(C) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ લખી, વાક્ય પ્રયોગ કરો. **3**

(1) મીટ માંડવી

(2) ભાર હળવો કરવો

(3) ગધ્ધા મજૂરી કરવી

(D) નીચેની કહેવતોનો અર્થ લખો. **3**

(1) પૂજે જનો સૌ ઉગતા રવિને

(2) આપ ભલા તો જગ ભલા

(3) લોભે લક્ષણ જાય

(E) નીચેના વાક્યો સુધારીને ફરીથી લખો. **3**

(1) પ્રભાશંકર બખિયા ભરતા ભરતા બોલી.

(2) અહીં શુધ્ધ ગાયનું ઘી મળે છે.

(3) એક દિવસ રાજા-રાણી ઝરૂખામાં બેઠી હતી.

(F) નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો. **3**

(1) હરીચ્છા

(2) મહેશ

(3) સદાચાર

www.careerindia.com

CAREERINDIA

(G) નીચેના શબ્દસમૂહો માટે **એક** શબ્દ લખો. **2**

(1) કોઈ એક શબ્દ પર ભાર દઈને ઉચ્ચાર કરવો તે

(2) ફાટ્યાં તૂટ્યાં વસ્ત્રવાળું

## SECTION – D
## (Literature-Text Book)

4. (A) નીચેનો ફકરો વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. 5

રોજ સાંજે યાદી લઈને નાનાભાઈ પાસે જવાનું હતું. તેમાં થયેલાં કામો અને નહિ થઈ શકેલ કામો પર ટિક કરવાની અને સૂચનાઓ મેળવવાની. આમ મારું શિક્ષણ ચાલ્યું. નાનાભાઈ ઓછું બોલે, તે સ્પષ્ટ હોય. તેમનાં ભારોચ્ચારથી સમજી જવાય કે તેમને શું જોઈએ છે.

સ્વચ્છ બગલાની પાંખ જેવો સાદો પોશાક, ટટ્ટાર ચાલ, આંખમાં દઢતા, કામમાં ચોકસાઈ, વિવેક પણ પૂરો. બધાને માનથી બોલાવે છે અને માનથી વિદાય કરે છે.

બરાબર સાડા આઠને ટકોરે છાત્રાલયના કંપાઉન્ડમાં દાખલ થયા જ હોય. સીધા દવાખાને જવાના, માંદા વિદ્યાર્થીઓને જોવાના, ખોરાક, દવાની સૂચના આપવાના, પછી સીધા મેડી પરની ઓફિસમાં-સાડા બાર વાગ્યે ઉતરવાના.

સંસ્થામાં હોય ત્યારે આમાં કોઈ મીનમેખ નહિ.

તેમની સાથે વાતો કરતાં વિગતો આપવી જ જોઈએ.

મોટી મોટી વાતો નહિ, – કબીરની વાણી જાણે સમજી ગયેલા.

"બાતે તિમિર ન ભાજઈ,

દીવા, બાતી, તેલ"

(1) લેખક રોજ સાંજે શું લઈને ક્યાં જતા ?

(2) નાનાભાઈ કેવું બોલતા ?

(3) નાનાભાઈની ચાલ અને પોશાક કેવા હતા ?

(4) નાનાભાઈ સાડા આઠ વાગ્યે ક્યાં હોય ?

(5) 'બાતે તિમિર ન ભાજઈ, દીવા, બાતી, તેલ' એટલે શું ?

(B) નીચેનામાંથી કોઈપણ બેના કારણો આપો. 4

(1) રમણ એકવાર આકુળવ્યાકુળ થઈ ગયો કારણ કે.....

(2) ધરતીનો જ્યાં છેડો આવે તે ઘર કારણ કે.....

(3) ચિરાયુનું રેશમી વસ્ત્ર સાંધી ન શકાયું કારણ કે.....

(C) નીચેનામાંથી કોઈપણ પાંચના **એક-એક** વાક્યમાં જવાબ લખો. **5**

(1) 'આભલાનો ટુકડો' પાઠ લેખકના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?

(2) દક્ષિણામૂર્તિ લેખક માટે શું બની ગયું ?

(3) 'જીન્નેવા' કોનું ચિત્ર છે ?

(4) પ્રભાશંકરની પત્નીનું નામ શું હતું ?

(5) લેખકે તાંબાનો કુંજો શેનાથી ઝળહળતો કર્યો ?

(6) 'થીગડું' પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.

www.careerindia.com

CAREERINDIA

(D) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. **6**

(1) ગાંધીજીને ભેટસોગાદો કોણે આપી ? કેમ ?

(2) દક્ષાએ ત્રીજો માળ પસંદ કર્યો તેનાં કયા કારણો ગુસ્સે થયેલાં રમણે બતાવ્યાં ?

(3) પાર્વતીના અવસાન પછી પ્રભાશંકર કેવું જીવન જીવતા હતા ?

(4) લેખકના મતે લેખકે રવિવારે શા માટે સફાઈકાર્ય કર્યું ?

(E) નીચેનામાંથી કોઈપણ એકનો વિસ્તૃત જવાબ લખો. **4**

(1) નાનાભાઈના શિક્ષણ અને વહીવટ વિશેના વિચારો લખો.

(2) ભેટના સ્વીકાર-અસ્વીકાર અંગે કસ્તૂરબાના વલણનાં કારણો લખો.

(3) આખી શેરીએ અને રમણે રેડિયો પરની જાહેરાતોમાં શું-શું સાંભળ્યું ?

5. (A) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના જવાબ લખો. **5**

આવ્યો છું તો લાવ જરા અહીં મળતો જાઉં,
આ મેળે જન લાખ, ભલા કૈં ભળતો જાઉં
લાંબો પંથ મૂક્યો પાછળ ને
આગળ લાંબો પંથ;
મનખાના મેળાનો વચમાં
બે ઘડીનો આનંદ;
જરા કૈં રળતો જાઉં!
ઝરમર વરસે મેહ નેહનો
વાયુ વહે અનુકૂલ;
આ ઉરની પાંખડીઓ ઉઘડે
ગંધ વહે બની ફૂલ;
ફૂલ થઈ ફળતો જાઉં!
ઘડીક ભૂલીને મનનું ગાણું
આ કોલાહલ માણું;
પાવાના ઊંડેરા સૂરની –
પ્રીતવ્યથા પરમાણું,
ગહનમાં ગળતો જાઉં!

(1) 'મનખાનો મેળો' એટલે શું ?

(2) કવિ શેની વ્યથા અનુભવવાનું કહે છે ?

(3) 'મેહ' અને 'નેહ' શબ્દોના અર્થ લખો.

(4) કવિ મનનું ગાણું ભૂલીને શું કરવાનું કહે છે ?

(5) કવિ માનવજીવનની સફળતા શેમાં જુએ છે ?

www.careerindia.com

CAREERINDIA

(B) નીચેની કાવ્યપંક્તિ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. **4**

(ક) એ લોકો પહેલાં ધાન્યનાં કોથળાં ભરી સીવી રાખે છે
પછી જ્યારે માણસ સડી જાય ત્યારે કિલો-કિલો વેચે છે

(1) 'એ લોકો' શબ્દ કોનાં માટે પ્રયોજાયો છે ?

(2) 'એ લોકો' અનાજ વેચવા ક્યારે કાઢે છે ?

(ખ) શિર પર ગોરસ મટુકી
મારી વાટ કેમ ન ખૂટી
અબ લગ કંકર એક ન લાગ્યો
ગયાં ભાગ્ય મુજ ફૂટી.

(1) 'શિર' અને 'વાટ' શબ્દોના અર્થ લખો.

(2) ગોપીને પોતાનું ભાગ્ય ફૂટી ગયેલું કેમ લાગે છે ?

(C) નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. **6**

(1) કવિ મૃતપત્નીને કઈ-કઈ સામગ્રી ધરવાનું કહે છે ? શા માટે ?

(2) 'એ લોકો' કાવ્યના કવિને શું થવું ગમે છે ? શા માટે ?

(3) વૃંદાવન અને કુરુક્ષેત્રના ઉલ્લેખ દ્વારા શાનો સંકેત કરવામાં આવ્યો છે ?

(4) બીજા દુહામાં 'બગલા' અને 'કાગડા'ના દૃષ્ટાંત દ્વારા શું કહેવાયું છે ?

(D) નીચેનામાંથી કોઈપણ છ પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો. **6**

(1) કવિ મૃત પત્નીના સ્મરણ માટે શું ન કરવાનું કહે છે ?

(2) 'માધવ ક્યાંય નથી.....' કાવ્યના કવિનું નામ જણાવો.

(3) 'પંક' એટલે શું ?

(4) કવિ પલને શેની-શેની સાથે સરખાવે છે ?

(5) 'શેષ' કોનું ઉપનામ છે ?

(6) 'માધવ ક્યાંય નથી મધુવનમાં' આ વાત ભમરાને કોણ કહે છે ?

(7) 'પલ' કાવ્ય કવિના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે ?

---



www.careerindia.com